(1) આઝાદ પટ્ટાન પ્રોજેક્ટ વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) PoKમાં બનનારો આ એક જળઊર્જા પ્રોજેક્ટ છે.

(2) આ પ્રોજેક્ટ સિંધુની ઉપનદી 'ઝાંઝર' પર બનાવવામાં આવશે.

(3) આ પ્રોજેક્ટ ચીન–પાકિસ્તાન ઈકોનોમિક કોરીડોર હેઠળ બનાવવામાં આવશે.

(4) આ પ્રોજેક્ટ કાયમીપણે ચીનના હસ્તક રહેશે. પાકિસ્તાન માત્ર ઊર્જા વપરાશના હક ધરાવશે.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (1) અને (3)
(C) માત્ર (2) અને (4)
(D) માત્ર (1), (2) અને (4)

⇛ જવાબ :- B

**સમજૂતી :**

⇛ તાજેતરમાં ચીન અને પાકિસ્તાને આઝાન પટ્ટાન પ્રોજેક્ટ બનાવવા માટે કરાર કર્યા છે.

⇛ આ 700 MWનો જળઊર્જા પ્રોજેક્ટ છે જેને PoKના વિસ્તારમાંથી પસાર થતી જેલમ નદી પર બનાવવામાં આવશે. (આથી, વિધાન (1) સાચું છે, જ્યારે વિધાન (2) ખોટું છે.)

⇛ આ પ્રોજેક્ટ 1.5 બિલિયન ડોલરનો છે. તેનું નિર્માણ ચીન–પાકિસ્તાન ઈકોનોમિક કોરીડોર હેઠળ કરવામાં આવશે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ આ પ્રોજેક્ટમાં રન–ઓફ–ધ–રીવર પદ્ધતિ મુજબ 90 મીટર ઉચ્ચો ડેમ બનાવવામાં આવશે.

⇛ આ પ્રોજેક્ટને 30 વર્ષ બાદ પાકિસ્તાનને ટ્રાન્સફર કરી દેવામાં આવશે. (આથી, વિધાન (4) ખોટું છે.)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## (2) Pneumococcal Conjugate Vaccine (PCV) વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?

(1) આ રસી બનાવવા માટે સિરમ ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ડિયાને મંજૂરી મળી છે.

(2) ન્યુમોનિયાના કારણરૂપ કેટલંક બેકટેરીયાને સાથે મેળવીને આ રસી તૈયાર કરવામાં આવી છે.

(3) ભારત સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ હેઠળ આ રસીનું રાષ્ટ્રીય સ્તરે વિતરણ કરશે.

(4) આ રસીને નાક દ્વારા લેવડાવવામાં આવશે.

(A) માત્ર (1), (2) અને (3)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (1) અને (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- A**

**સમજૂતી :**

⇛ પૂને સ્થિત સિરમ ઈન્સ્ટીટયૂટ ઓફ ઈન્ડિયાને **PCV** રસી બનાવવા માટે **DGCI** દ્વારા મંજૂરી આપવામાં આવી છે. (આથી, વિધાન **(1)** સાચું છે.)

⇛ **DGCI**નું પૂરુંનામ ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા છે.

⇛ આ રસીને ભારત સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમમાં સમાવવાની યોજના કરી રહયું છે જેથી રસીનું રાષ્ટ્રીય સ્તરે વિતરણ થઈ શકે. (આથી, વિધાન **(3)** સાચું છે.)

⇛ **PCV** રસી દ્વારા **'pneumococcal'** રોગને અટકાવી શકાય છે. **'pneumococcal'** બેકટેરીયા દ્વારા આ રોગ થાય છે.

⇛ આ રસીમાં **'pneumococci'** વર્ગના કેટલાંક બેકટેરીયાને સાથે મેળવવામાં આવ્યાં છે. (આથી, વિધાન **(2)** સાચું છે.)

⇛ આ રસીને સ્નાયુમાં ઊંડે સુધી પહોંચે તેવી રીતે ઈન્જેકશન આપીને લેવડાવવામાં આવશે. (આથી, વિધાન **(4)** ખોટું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**(3) IHME નામની સંસ્થા દ્વારા વસતી વિશેનો અભ્યાસ 195 દેશમાં કરવામાં આવ્યો છે. આ અભ્યાસ મુજબ નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ અભ્યાસ માટે 'વર્લ્ડ પોપ્યુલેશન પ્રોસ્પેકટ' નામના રિપોર્ટની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

(2) અભ્યાસ મુજબ વિશ્વની વસતી 2064માં ટોચ (peak) પર પહોંચશે.

(3) વર્ષ 2100માં વસતી 879 કરોડ જેટલી હશે.

(4) અભ્યાસ મુજબ ભારતમાં 2048માં વસતી ટોચ પર હશે અને ભારતમાં 160 કરોડ જેટલાં લોકોની વસતી હશે.

(A) માત્ર (1), (2) અને (3)  (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (3)  (D) આપેલ તમામ

⇛ **જવાબ :- B**

**સમજૂતી :**

⇛ વોશિંગ્ટન યુનિવર્સિટીની ઈન્સ્ટીટયૂટ ફોર હેલ્થ મેટ્રીકસ એન્ડ ઈવેલ્યુએશન (IHME) સંસ્થા દ્વારા વસતી વિષયક અભ્યાસ કરવામાં આવેલ છે. આ અભ્યાસની માહિતી નીચે મુજબ છે :

- અભ્યાસ માટે ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ, 2017ની માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. (આથી, વિધાન (1) ખોટું છે.)
- વિશ્વની વસતી 2064માં તેની ટોચ પર હશે. આ સમયે વસતી 973 કરોડ જેટલી હશે. (આથી, વિધાન (2) સાચું છે.)
- વર્ષ 2100માં વસતી 879 કરોડ જેટલી થશે. (આથી, વિધાન (3) સાચું છે.)
- ટોટલ ફર્ટિલીટી રેટ (TFR), જે 2017માં 2.37 છે તે વર્ષ 2100માં ઘટીને 1.66 થશે.
- ભારતમાં વર્ષ 2048માં વસતી ટોચ પર પહોંચશે અને આશરે 160 કરોડની વસતી હશે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**(4) 'એક્ટિવ ફાર્માસ્યુટીકલ ઈન્ગ્રેડીઅન્ટ્સ - સ્ટેટર, ઈસ્યુ, ટેક્નોલોજી રેડીનેસ એન્ડ ચેલેન્જ' વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો ?**

(1) આ રિપોર્ટ ભારત બાયોટેકના સંશોધકો દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.
(2) મિનિ તથા માઈક્રો ડ્રગ ઉત્પાદન કલસ્ટરનું નિર્માણ કરવું.
(3) APIના સિન્થેસીસ માટે મિશન મોડ બાયોલોજીકલ એન્જિનિયરીંગની જરૂરિયાત છે.
(4) આર્થિક વ્યવહારક્ષમતા મેળવવી.

(A) માત્ર (1) અને (2)
(B) માત્ર (2), (3) અને (4)
(C) માત્ર (4)
(D) આપેલ તમામ

⇛ **જવાબ :- C**

**સમજૂતી :**

⇛ ઉપરોક્ત રિપોર્ટ **TIFAC** (ટેક્નોલોજી ઈન્ફોર્મેશન ફોરકાસ્ટીંગ એન્ડ એસેસમેન્ટ કાઉન્સીલ) નામની સંસ્થા દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. (આથી, વિધાન **(1)** ખોટું છે.)

⇛ રિપોર્ટની મુખ્ય ભલામણો :

- **API** માટે ટેક્નોલોજી વિકાસના એન્જિનિયરીંગ અને તેના કદ જેવાં પાસાંઓ પર ધ્યાન કેન્દ્રીત કરવું.
- **API**ના ખલેલવિહિન સિન્થેસીસ માટે મિશન મોડ કેમીકલ એન્જિનિયરીંગની જરૂરિયાત છે. (આથી, વિધાન **(3)** ખોટું છે.)
- કોમન ઈન્ફ્રાસ્ટ્રક્ચર ધરાવતાં મેગા ડ્રગ ઉત્પાદન કલસ્ટરનું નિર્માણ કરવું. (આથી, વિધાન **(2)** ખોટું છે.)
- **API** ઉત્પાદનનું કદ એટલા સ્તરે વધારવું, જેથી આર્થિક વ્યવહારક્ષમતા લાવી શકાય. (આથી, વિધાન **(4)** સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## (5) મોન્ટ બ્લેન્ક (Mont Blanc) પર્વત વિશે નીચેનામાંથી સાચાં વિધાન પસંદ કરો.

(1) તે આલ્પ્સ પર્વતમાળાનો તથા પશ્ચિમી યુરોપનો સૌથી ઊંચ્ચો પર્વત છે.

(2) તે સમગ્ર યુરોપનો બીજા ક્રમનો સૌથી ઊંચ્ચો પર્વત છે.

(3) તેને ફ્રેન્ચમાં 'વાઈટ માઉન્ટેન' પણ કહે છે.

(4) ઈટાલી અને ફ્રાન્સની બોર્ડર આ પર્વતની ટોચ પરથી પસાર થાય છે.

(A) માત્ર (1), (2) અને (3) (B) માત્ર (2), (3) અને (4)

(C) માત્ર (1) અને (4) (D) આપેલ તમામ

⇛ જવાબ :- D

**સમજૂતી :**

⇛ મોન્ટ બલેન્ક યુરોપનો બીજા ક્રમનો સૌથી ઊંચ્ચો પર્વત છે. માઉન્ટ એલ્બ્રુસ સૌથી ઊંચ્ચો પર્વત છે. (આથી, વિધાન (2) સાચું છે.)

⇛ તે આલ્પ્સ પર્વતમાળાનો તથા પશ્ચિમી યુરોપનો સૌથી ઊંચ્ચો પર્વત છે. (આથી, વિધાન (1) સાચું છે.)

⇛ તેને 'રુફ ઓફ યુરોપ' અર્થાત્ યુરોપના છાપરાં તરીકે પણ ઓળખવામાં આવે છે.

⇛ આ પર્વત Graian Alps શ્રેણીનો ભાગ છે.

⇛ ફ્રેન્ચમાં આ પર્વતને 'વાઈટ માઉન્ટેન' પણ કહે છે. (આથી, વિધાન (3) સાચું છે.)

⇛ ઈટાલી અને ફ્રાન્સની બોર્ડર આ પર્વતની ટોચ પરથી પસાર થતી હોવાથી આ પર્વત ફ્રેન્ચ અને ઈટાલીયન બન્ને છે. (આથી, વિધાન (4) સાચું છે.)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT